

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧





મોજશોખની મોટર નીચે કચડાય છે જિંદગી!
અથડાય અન્યાયે કોર્ટમાં ખરડાય છે જિંદગી!
ને ગરીબીમાં નાણા અભાવે મચડાય છે જિંદગી!
ટીવી ચેનલો, નેતાઓમાં બે'દિ ભટકાય છે જિંદકી!





પ્રકાશ્યું પોત!
શિવ-'સેના' સાંસદે -
સાચા અર્થમાં..

ઉભરે ભક્તિ,
યાદ આવ્યા શિવજી!
શ્રાવણ શરૂ..

## ચિંતન

**હરેઃ પદાહતિઃ શ્લાઘ્યા ન શ્લાઘ્યં ખરરોહણમ્ । સ્પર્ધાપિ વદુષા યુક્તા ન યુક્તા મૂર્ખ મિત્રતા ॥**

'સિંહને પગથી, (ટચલી આંગળીથી) જરા ઠોકર મારવી એ પણ ભારે વીરતાનું કામ થયું કહેવાય અને એ વખાણવા લાયક પણ છે, પરંતુ ગધેડાને પકડી તેના પર સવારી કરવામાં આવે તો પણ તે વીરતાનું કે વખાણવાનું યોગ્ય કાર્ય કહેવાતું નથી.

એવી રીતે વિદ્વાન-બાહોશ-નિષ્ણાત સાથે સ્પર્ધા કરવામાં આવે - તેમની સાથે વાદ-વિવાદ કરવામાં આવે (ભલે પરાજય થવાનો હોય છતાં પણ ) તો તે વખાણવા યોગ્ય છે પણ મૂર્ખની સાથે ખૂબ સારી મૈત્રી હોય છતાં પણ તે પ્રશંસાને પાત્ર થતી નથી.'

હમણાં જ જયારે ચૂંટણીઓ થઇ ત્યારે નરેન્દ્ર મોદી સામે શ્રી મધુસૂદન મિસ્ત્રી અને કાશીમાં શ્રી કેજરીવાલ ખાસ સામનો કરવા ઉભા રહ્યા હતા એમની સામે જીતે તો તો મોટું ગૌરવ હતું પણ એની સામે ઉભવાનું પણ ગૌરવ હતું. એમ મોટા-વિદ્વાન કે સારા સ્પર્ધક સામે સ્પર્ધા કરવાનું મહત્ત્વ છે.

ક્રિકેટની નાના-નાના દેશ સામે જેમ જીતવાનું મહત્ત્વ ગણવામાં નથી આવતું તેમ - એવી સ્પર્ધામાં કોઇ આનંદ નથી આવતો.

... અહીં સિંહ અને ગધેડાના દૃષ્ટાંત દ્વારા આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- ઠોકરોથી કોઇ મોટો ગુરૂ નથી. તરંગી માણસોને ખૂબ ઠોકરો ખાવી પડતી હોય છે, જયારે વાસ્તવદર્શી વ્યક્તિને ઓછી ઠોકરો ખાવી પડતી હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ઉચિત ચિંતા કે કંઇક મુંઝવતા પ્રશ્નોનો ભાર માણસોને સ્વચંદી થતા રોકે છે, જવાબદારી શૂન્ય જીવન હોય તો તેવું જીવન વરદાન નહીં, અભિશાપ જ સમજવું **- મોરારિ બાપુ**
- શક્તિનાં મુખ્ય ચાર કેન્દ્રો છે. જનશક્તિ, શસ્ત્રશક્તિ, કમલશક્તિ, આમાંની એક પણ શક્તિ જેની પાસે નથી એ માણસનું જીવન લાચારીમાં વિતે છે **- ધર્મસૂત્ર**
- જીવનનું સૌથી મોટું સુખ સતત વિશ્વાસ અને વફાદારી છે... વફાદારી આપીને વફાદારી પામનાર નિશ્ચિંત જીવન જીવી શકે છે **- નવનિત**
- જીવનદૃષ્ટિ એટલે જીવનને સાત્ત્વિક, તાત્ત્વિક તથા સક્ષમ બનાવનાર અભિગમ, જેના દ્વારા વ્યક્તિ સમાજનું કલ્યાણકારી અંગ બને **- મુનિ ભાનુચંદ્રજી**
- પ્રદર્શન અને પ્રચારની પ્રબળતા હોય તો લોકપ્રવાહને જહન્નમાં પણ વાળી શકાય છે **- જાપાની કહેવત**
- પ્રજાને સામાજિક રીતે વિભક્ત કરનાર પાંચ મુખ્ય ઘટકો છે - વર્ણ, જાતિ, જ્ઞાતિ, ગોળ, કુળ **- માનસસૂત્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણને જુદી જુદી જાતના ભોગ-વાસના-વસ્તુઓ-આનંદપ્રમોદ-મનોરંજન-પ્રવાસ-આભૂષણ ખરીદવા - વસાવવાનું 'મન' થાય છે અને એ બધું જયાં સુધી ન મળે ત્યાં સુધી - ઉચાટ-બેચેની-દુખી દુખી થઇ જઇએ છીએ. બધાં દુઃખનું કારણ 'મન' છે.

એક યુવાન સંત પાસે આવ્યો ને કહ્યું - મહારાજ! હું ધ્યાન-માળા-પાઠ પૂજા કરવા બેસું ત્યારે પણ મારું મન અનેક જગ્યાએ-વિચારો અને ઇચ્છાઓમાં ભટકે છે હું શાંતિથી એકચિત્તે કંઇ જ કરી શકતો નથી. 'મન' ને કેવી રીતે મનાવું?

સંત ઊભા થયા- વડની વડવાઇ પકડી લીધી અને કહ્યું 'આ વડવાઇ મને છોડે નહીં તને જવાબ આપું'

યુવાન કહે - 'બાબા'-વડવાઇ તો તમે જાતે પકડી છે એ તમને કેમ છોડે તમે જ એને છોડી દો ને!

સંત કહે તારા પ્રશ્નનો પણ એ જ જવાબ છે. મન તારું છે તારી પકડ એના પર હોવી જોઇએ એ તને કેવી રીતે પકડી શકે?

મન મારીને એના પર કાબૂ રાખો-સંતોષથી ઇચ્છાઓ-અપેક્ષાઓ થતી નથી ઇશ્વરે તમને જે કંઇ - જેટલું - જેવું આપ્યું છે એ સ્વીકારી એમાં સંતોષ રાખો-મન ઠેકાણે આવી જશે!

Email - sureshchandrabhatt18@gmail.com

# માનવીને ચેતનાનો સંદેશો આપતી ખલીલ ધનતેજવીની ગઝલોનો રસાસ્વાદ

## ચેતનાનો સમય

- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

અમારા જેવા કેટલાક લોકો ભણી ગણીને ગામડામાંથી શહેરમાં નોકરી શોધી શહેરવાસી બની જાય છે પણ વતનના ગામની યાદ દરેકને આવે છે. ગામડાની પ્રજાની લાગણી અને પ્રેમ શહેરમાં ઓછો જોવા મળે છે. ગામડાની સૂવાસ અને ગામડાના દોસ્તો શહેરમાં રહીને ઘરડા થઇએ તો પણ ખૂબ યાદ આવે છે. ગઝલકાર ખલીલ ધનતેજવી મૂળ ગામડાના વતની છે પણ વડોદરામાં કાયમી વસવાટ કરે છે તેમણે રચેલી એક ગઝલમાં પોતાના વતનના ગામની યાદ રજૂ કરતાં કહ્યું છે કે -

"ખુદ મેરે ગાંવ કે લોગોને ન પહેચાના મુઝે,
શહેરવાલો મેરા ચહેરા મુઝે વાપર દે દો"

વરસોથી ગામડું છોડીને શહેરમાં વરવાટ કર્યા પછી વરસો પછી વતનના ગામે જઇએ એટલે કોઇ ઓળખે જ નહીં. ચહેરો બદલાઇ ગયો. શરીરનો બાંધો બદલાઇ ગયો હોય ત્યારે ગામડાના આપણા પરિચિતો જ ઓળખે નહીં અને આપણને કોઇક આગંતુક અજાણ્યો સમજી ટગર ટગર જોયા કરે ત્યારે ગઝલકાર કહે છે કે મારા પોતાના જ ગામવાળા લોકોએ મને ઓળખ્યો નહિં એટલે શહેરવાળાનો વાંક કાઢી મનોમન કહે છે કે અરે ઓ ભાઇ શહેરવાળાઓ મને મારો અસલી ચહેરો પાછો આપી દો. જે ચહેરો લઇને હું શહેરમાં વરસો પહેલાં આવેલો તે ચહેરો બદલાઇ જતાં કોઇ ઓળખતું નથી. એટલે પોતાનો અસલી ચહેરો પાછો આપવાની વાત ગઝલમાં છે. જો કે આપણે ગઝલને બીજી રીતે પણ વિચારીએ તો ગામડાનો માણસ શહેરમાં આવીને ગામડાની કલ્ચર જે તેના વાણી - વર્તન - વ્યવહારમાં હતી. તે બધુ પહેરવેશ, બોલચાલ, વ્યક્તિત્વ બધુ શહેરની સંસ્કૃતિને અનુરૂપ બદલાઇ જવાથી માણસની અસલીયત ખોવાઇ જાય છે. શહેરમાં આવીને માણસના બે ચહેરા થઇ જાય છે. એક અંદરનો અને બીજો બહારનો ગામડાના માણસનો અંદરનો અને બહારનો ચહેરો એકજ હોય છે. શહેરમાં વસવાટ કરીને શહેરની સંસ્કૃતિમાં માણસે પોતાની જાતને ફીટ કરવી પડે છે.

બીજી એક ગઝલમાં સરસ વાત કરી છે.

"મારા મેલા વસ્ત્રની ટીકા ન કર,
તારા જીવતરમાં પડેલી ધૂળ જો"

આજના માનવીનું જીવન જોતા સરવાળે એમ લાગે છે કે માણસની અસલીયત ખોવાઇ ગઇ છે. માણસને ઓળખવો મુશ્કેલ છે અનેક જાતના દૂષણોથી ભરેલો માણસ જિંદગીના માર્ગથી ભટકેલો છે. ગઝલકાર વ્યંગમાં કહે છે કે મારા મેલા વસ્ત્રની ટાકા ના કર પણ પહેલાં તારી જિંદગીમાં જે દુષણોરૂપી મેલ છવાયેલો છે અને તું જે રીતે તારી જિંદગીના માર્ગથી ભટકેલો, ભૂલો પડેલો છે ત્યારે તારા જીવતરમાં ધૂળ પડી છે. માણસના સ્વભાવમાં, તેના જીવનમાં એકલા દૂષણોરૂપી મેલ છવાયેલો છે તે પહેલાં સાફ કર. મેલા વસ્ત્ર તો સાફ થઇ જશે પણ જિંદગીમાં પડેલો મેલ ધોતાં તકલીફ પડવાની છે.

બીજી એક ગઝલમાં કહે છે કે -

"તૂટશે મંદિર કે મસ્જિદ તો તરત ઊભા થશે,
માનવી ભાંગી પડે તો કોઇ ના બેઠો કરે."

આજના સમાજ ઉપર વ્યંગ કરતી આ ગઝલમાં ગઝલકાર કહે છે કે સમાજમાં કોઇ માણસ દુઃખથી તકલીફોથી, આઘાતોથી, ગરીબીથી, ભાંગી પડેલો હોય તેને ટેકો દેવા, તેને મદદ કરવા કોઇ હાથ લંબાવતું નથી. મંદિર કે મસ્જિદ તુટી જાય તો સમાજનાં લોકો ધાર્મિકભાવનાથી તરત તેને રીપેર કરી નાખશે પણ સમાજમાં રહેતો માણસ ભાંગી પડે તો તેને ઊભો કરવામાં કોઇ પોતાની નૈતિક ફરજ ધર્મ બજાવતો નથી.

બીજી એક ગઝલમાં કઠોર વાસ્તવિકના દર્શન થાય છે.

"એક દુખિયારી અભાગણ આખી શીશી પી ગઇ,
ઝેરમાં નેવું ટકા પાણી હતું જીવી ગઇ"

આજે તો ભેળસેળના યુગમાં ઝેરમાં પણ ભેળસેળ થવા લાગી છે. એક દુખિયારી બાઇનું ઉદાહરણ આપી ગઝલકારે આજની દુનિયામાં જે રીતે વ્યાપક પ્રમાણમાં ભેળસેળ થઇ રહી છે તેના ઉપર કટાક્ષ કરી કહ્યું છે કે હવે તો ઝેરમાં પણ નેવું ટકા પાણીની ભેળસેળ છે એટલે દુખીયારી બાઇને આપઘાત કરવો હતો તો પણ નેવું ટકા પાણી ભેળવેલું એટલે બચી ગઇ.

બીજી એક ગઝલમાં માણસના ભોળપણનો લાભ ઉઠાવતા સ્વાર્થી-નફ્ફટ લોકો ઉપર કટાક્ષ કરતાં કહ્યું છે કે -

"હું ગમે તેને ગળે વળગાડતો ફરતો હતો
ઠોકરો ખાધા પછી એ આદતો છૂટી ગઇ"

કેટલાક ભોળા લોકો તેના સંપર્કમાં આવતાં તેના પરિચિયો ભોળા લોકો તેના સંપર્કમાં આવતાં તેના પરિચિતો, ઓળખીતા પાળખીતા મિત્રો આ બધાની ઉપર વિશ્વાસ મુકી તેની સાથે સંબંધો વિકસાવે ત્યારે આવા કેટલાક લોકો તેનાં ભોળપણનો લાભ ઉઠાવી તેનો ફાયદો ઉઠાવી તેને ઉલ્લું બનાવે છે ત્યારે માણસ જયારે આ રીતે બધાથી છેતરાઇ જાય પછી બધાને ગમે તને ઓળખવા જાય ગળે વળગાડતો હતો તે આદત છોડવી પડે છે. સંબંધોમાં છેતરપીંડી થતાં ઠોકરો ખાધા પછી માણસ ચેતતો રહે છે. ગઝલકાર સંદેશો આપે છે કે ચેતતો નર સદા સુખી બીજી એક ગઝલમાં કહે છે કે -

"એકલું જીવનારનું મૃત્યુ પછી,
વીસ વારસદાર ભેગા થઇ ગયા."

માણસ જયારે સંસારમાં, કુટુંબમાં એકલો પડી જાય અને આવી રીતે એકલવાયું જીંદગી જીવતાં જીવતાં માણસ મૃત્યુ પામે ત્યારે તેના સગાવહાલાં વારસાઇ માટે દોડી આવે છે પણ જયારે તે એકલો જીવતો હતો ત્યારે કોઇ સગુવહાલું તેની ખબર પણ પુછતું ન હતું. સંદેશો છે કે સગા સહુ સ્વાર્થનાં.

આગળની એક ગઝલમાં ગઝલકાર કહે છે કે-

"તું ફક્ત તારોજ માહિતગાર થઇ જા, એ પછી
બાઇબલ, કુરાન, ઉપનિષદની ખબર પડશે તને"

માણસ પોતે જ પોતાને ઓળખીના શકે તો પછી પોતાના ધર્મનાં ગ્રંથોને કઇ રીતે ઓળખી શકવાનો? પોતાના જાતને ઓળખી શકનાર માણસ, પોતાની જાત સાથે સંપર્ક રાખનાર માણસ પોતાના ધર્મનાં ગ્રંથો સમજી શકે છે બાકી બધો નર્યો દંભ છે.

બીજી એક ગઝલમાં આજના યુગની નવી વાસ્તવિકતાના દર્શન થાય છે.

"એકધારું કયાં જીવાયું છે ખલીલ ।
કટકે કટલે પૂરૂં આ જીવતર થયું"

આજના યુગમાં માણસ એક દિવસ સુખી હોય તો એક દિવસ દુખી થઇ જાય. ચડતી અને પડતીમાં માણસ ગોથાં ખાતો રહે છે. ભરતી અને ઓટમાં માણસ ફંગોળાતો રહે છે. જીંદગીમાં ઘડીક અજવાયું પ્રસરે તો ઘડીકમાં અંધારું છવાઇ જાય જિંદગીનો માર્ગ અટપટો છે. કયાંક સુવાળો માર્ગ તો કયાંક કાંટાળો માર્ગ આવે છે. માણસ આ રીતે કટકે કટકે જિંદગી પૂરી કરે છે. આખી જિંદગીના કટકાઓને ભેગા તો એ કટકા વધારે હોય અને સુખના કટકા ઓછા હોય. આ ટુકડાવાળી જિંદગીમાં માણસ બિચારો પોતાની અસલિયત ખોઇ બેસે છે.

આગળની એક ગઝલમાં પણ કઠોર વાસ્તવિકતાના દર્શન થાય છે.

"ઝેર નો તો પ્રશ્ન કયાં છે, ઝેર તો હું પી ગયો,
આ બધાને એ જ વાંધો છે કે હું જીવી ગયો"

માણસ જયારે જીંદગીથી કંટાળી જાય, હારી અને સહુ સગાવહાલાં મરવાની રાહ જોતાં હોય ત્યારે કંટાળેલો માણસ ઝેર ગટગટાવી જાય ત્યારે સગાવહાલા મનોમન અંદરથી ખુશ થાય છે હાશ બલા ગઇ પણ પેલો તો ઝેર પીવા છતાં બચી ગયો, જીવી ગયો એટલે બધા સગાવહાલાં માથું કુટવા લાગે છે કે આ તો મર્યો નહિં બચી ગયો,. તેઓને બચી ગયો તેનું દુખ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અરે, આ તો કંઇ નથી, સસ્તામાં પત્યુ છે, તારી લાડકીને તો આખ્ખું અમદાવાદ ખરીદવું હતું, બોલ, કયાંથી લાવી દઉં?

## નટખલ નિરાલી (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ) હુકમ મેરે આકા

- પ્રજ્ઞા એ. પટેલ

સાંજના સમયે ડોરબેલ વાગે ને નિરાલી દોડતી થઇ. બારણું ખોલે... 'મારા પપ્પા આવ્યા, પપ્પા આવ્યા...' કરતી એમને ગળે વળગી પડે. પપ્પાએ એમની ઓફિસ બેગ બાજુ પર મુકી નિરાલીને તેડવી જ પડે. કયારેક વળી એ પીઠ પાછળ લટકી જાય, કયારેક પપ્પાની બેગ લઇ ઘરમાં દોડોદાડી કરવા માંડ...

'પપ્પા, મારા માટે શું લાવ્યા?' એ પ્રશ્ન તો અચૂક પૂછે જ.

'રોજ રોજ બેટા શું લાવું તારા માટે?' પપ્પા પુછતાં.

'અરે, કેટલી બધી વસ્તુઓ છે! મમ્મી, જો તો ખરા, પપ્પા કેવી વાત કરે છે? ચોકલેટ, આઇસ્ક્રીમ, કંપાસબોક્સ, બૂટ, વાર્તા રે વાર્તા... હં, સ્ટોરી, બુક, નાનો નાનો હીંચકો, ઢીંગલી, અરે, મોર પોપટ, ચકો-ચકી, લાફિંગ બુદ્ધા... '

'એમ કહે ને કે આખીને આખી દુકાન, સોરી, ગણી બધી દુકાનો લઇ આવવાની તારા માટે, ખરું?... હું, વાત તો તારી સાચી, પણ બેટા... વાત જાણે એમ છે કે પૈડાંવાળી દુકાનો હજુ નથી શોધાઇ, વળી મારી પાસે એવડી મોટી ગાડી પણ નથી.'

'તો એક કામ કરો, રોજ રોજ કંટાળો આવતો હોય ને તો એક દિવસ બસ એક જ શોપિંગ મોલ લઇ આપો... પછી કદી કશું જ નહીં માંગુ' નિરાલી સાવ સહજ ભાવે જ બોલી ઉઠે.

'મારી નિરાલી તો નિરાળી જ છે, એને તો આખ્ખું શોપિંગ મોલ પણ ઓછું પડે... એમાં કંઇ મોર-પોપટ,ચકો-ચકી, વાદળ-પંખી, નદી ન હોય... બરાબર ને દીકરા!'

'હા, એ વાત તો સાચી. તમે કેટલા સારા પપ્પા છો!'

'તો આપણે શું કરીશું? શું લઇશું?' પપ્પા પૂછતા.

'મારે જરા વિચારવું પડશે... કંઇક તો આઇડિયા કરવો જ પડશે.' નિરાલી આમતેમ ચાલવા માંડે, બે હાથ કમર પાછળ હોય, લાંબા-ટૂંકા ડગ માંડે, અટકે, પાછી ચાલે... વિચારમાં છે એ આજે ફરી એ જ વાતનું રટણ કરીને બેઠી છે નિરાલી.

'તું ચિંતા ન કર નિરાલી, મને આઇડિયા મળી ગયો છે. તારા માટે આખ્ખું મોટું અમદાવાદ જેવડું શહેર જ લઇ લઇશું. આજે જ હું તારા માટે બુક કરાવી દઉં છું.'

'હં... સાચ્ચે જ પપ્પા? હં પપ્પા, આખ્ખું મોટું અમદાવાદ પછી મારું? મારું? નિરાલીનું?' નિરાલી તો ઘેલી ઘેલી. પપ્પાને ગાલે, માથે, ખભે, બરડે હાથ ફેરવે, ટપલીઓ મારે, ગોળ ગોળ ફરતી નાચવા જ લાગી.

નિરાલી નિરાલી છે
પપ્પાની નિરાલી છે
અમદાવાદ મજાનું છે
નિરાલીનું પોતાનું છે...
એય પપ્પા, સાંભળો સાંભળો... તમે સહું કોઇ સાંભળો...
નાના મોઢે મોટી વાત
ના ભાઇ ના
નિરાળી ના બોલે ખોટી વાત
હા ભાઇ હા...
ખળખળ વહેતું સાબરમતીનું પાણી
નિરાલી તો કરશે રોજેરોજ ઉજાણી
અરે... વાહ ભાઇ વાહ...

પપ્પા આવાં ગીતો સાંભળી તાલી ન પાડે તો એમનું આવી જ બને. જે હાજર હોય એ બધાંએ તાળી પાડવી જ પડે.

'હુકમ મેરે આકા...' પપ્પા હુકમ લેવાની અદામાં માથું સ્હેજ મનાવી. એક હાથ છાતી પર મૂકી કેડેથી ઝૂક્યા.

'અમદાવાદ શહેર અબઘડી બુક કરવામાં આવે... આખ્ખેઆખ્ખું અમદાવાદ, આ છેડેથી પેલે છેડે, ઉપરથી નીચે, આ દિશાથી પેલી દિશા સુધી. તમે સાંભળ્યું, આ રાજાનો હુકમ છે, અબઘડી... હાલ ને હાલ...'

'જેવી હુજુરની મરજી... અમારા રાજાની મરજી...' પપ્પાએ મોબાઇલ ફોન હાથમાં લીધે ને નાના નાનાં બટન દબાવ્યા.

'બાદશાહ સલામત... સોરી રાજાનો હુકમ છે કે અબઘડી, હાલ ને હાલ આખ્ખા અહમદાવાદ શહર ઉનકે નામ બુક કીયા જાય... કયા? કયા બોલ રહે હો? કુછ સુનાઇ નહીં દેતા હૈ... પ્લીઝ... ઠીક તરફ સે બોલીયે... કયા, બુકીંગ હો ચૂકી હે...? તો... તો ફીર... વેઇટિંગ લીસ્ટ ચલ રહા હૈ? રાજા કા નંબર કોન સા... પૈસઠવાં?... યે કૈસે હો સકતાં હૈ? ... અરે ભઇ, અમદાવાદ શહેરમાં બુકિંગની વાત કરું છું, સિનેમાની ટિકીટની નહીં... શું કહ્યું?'

'બેટા, આપણો પાંસઠમો નંબર છે, ઘણાં લોકોએ અમદાવાદ ખરીદવાનું બુકીંગ કરાવ્યું છે... મેં પુછ્યું, એમ કઇ રીતે બને? તો એ કહે, આ શહેરમાં તમારા જેવા ઘણા... ઘણા મૂર્ખ શિરોમણી છે, તમે એક જ નથી હોં...'

'બુકિંગ કેન્સલ કરો... આમ પણ અમદાવાદ તો બહુ ધમાલીયું છે, કેટલું બધું પ્રદૂષણ છે? જવા દો, આપણે હવે બીજું શહેર બુક કરાવીશું...' નિરાલી પપ્પાને ઊભા કરતાં બોલી.

'હુકમ મેરે આકા... જૈસી આપસી મરજી મેરે આકા...'

'તમે ઘોડો થઇ જાવ... ઘોડો... તબડક તબડક.... અબઘડી...' 'પણ બેટા, હું ઘોડો તો કઇ રીતે બની શકું?' નિરાલીએ પપ્પાને એકશન કરી સમજાવ્યા. પપ્પાના બે હાથ, બે પગ નીચે... પીઠ પર નિરાલી ગોઠવાઇ... ગાવા માંડી.

'ચલ મેરે ગોડે રે, તબડક તબડક રે...'

'નિરાલી, ઓ નિરાલી કયાં છે તું?' મમ્મીની બૂમ સંભળાઇ. થોડીવારમાં મમ્મી ત્યાં આવી ને ત્યાંનું દૃશ્ય જોઇ હસી પડી.

'નિરાલી, આ શું માડ્યું છે? પપ્પા થાકીને આવ્યા હશે...'

'પપ્પા? કોના પપ્પા?'

'હા, હા, તારા પપ્પા થાકીને આવ્યા હશે... ને તમે પણ...'

'અરે, આ તો કંઇ નથી, સસ્તામાં પત્યુ છે. તારી લાડકીને તો આખ્ખું અમદાવાદ ખરીદવું હતું, બોલ, કયાંથી લાવી દઉં?'

'પછી... શું થયું?'


'એમાં લાંબુ વેઇટિંગ લીસ્ટ છે એટલે આ તબડક તબડકથી કામ ચલાવ્યું, સમજાયું?'

નિરાલીની સાથે મમ્મી-પપ્પા પણ ખડખડાટ હસી પડ્યા.

# સુપ્રિમ કોર્ટ CRPC કલમ ૧૦૨(૩) માં કરેલ સુધારો ચોરીનો મુદ્દામાલ હવે છોડવવા કોર્ટના ધક્કા ખાવા નહી પડે

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



જયારે કોઈની માલ-મીલ્કત ચોરી થઈ જાય ત્યારે ચોર પકડાઈ જાય અને મુદ્દામાલ પણ પોલીસ દ્વારા રીકવર કરવામાં આવ્યો હોય તેવા કેસમાં મુદ્દામાલ કોર્ટમાંથી કેસનો નિકાલ થાય ત્યારે અગરતો મૂળ માલીકની અલગથી મુદ્દામાલ મેળવવાની અરજી લગત હુકમ બાદ જ મુદ્દામાલ મૂળ માલીકને પરત મળતો હતો જે પ્રક્રિયામાં જો સોનાના ઘરેણા ચોરે સોનીને વેચાણ કરેલ હોય અને દાગીનાની લગડી બની ગઈ હોય તો મુદ્દા માલનો કલેઈમ સોની અને મૂળ માલીક બન્ને દ્વારા કરવામાં આવતા કોર્ટમાં નિકાલમાં ઘણા જ વર્ષો નિમળી જાય છે તેમજ ચોરાયેલા વાહનો પણ મુદ્દા માલ છોડાવવામાં માલીકોને જો મોરગેજ હોય તો બેન્કની એન.ઓ.સી. મેળવવામાં ઘણો જ સમય નિકળે ત્યાં સુધી મુદ્દા માલ વાહનો પોલીસ કસ્ટડીમાં ધુળખાતા પડયા રહે અને ઘણી વખત તો પોલીસ સ્ટેશનમાંથી જ વાહનોના ટેપ, ટાયર તથા સ્પેરસ્પાર્ટસ ચોરાયાના બનાવો સામે આવતા હોય છે.

વાહન છોડાવવા લોકોને કોર્ટની લાંબી અને કંટાળાજનક પ્રક્રિયામાંથી મુક્તિ મળી છે એટલુ જ નહી પરંતુ માત્ર પુરાવાના કાગળો સાથે રૂા.૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર વાહન માલીકના બોન્ડ રજુ કરવામાં આવતા આવા પ્રકારના વાહનો માલીકોને પોલીસ કસ્ટડીમાંથી જ સોંપવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે ઝઈઁઝ ની કલમ ૧૦૨(૩) માં સુધારો કરી તેનો તાત્કાલીક અસરથી અમલ કરવા જવાબદાર અધિકારીને જાણ કરતા ગણતરીના દિવસોમાં જ આશરે ૧૦૦ જેટલા વાહનો માલીકોને પોલીસ દ્વારા પરત સોંપવામાં આવેલા છે જેનાથી વાહન માલીકોને ઘણી જ રાહત થયેલ છે નોરીયાત તથા વિદ્યાર્થીઓને વાહન વગર એક સ્થળેથી બીજા સ્થળે જવા પડતી અગવડતાનો અંત આવેલ છે.


એન્ટ્રોઈડ એપ્લીકેશનના આધારે બિનવારસી શોધેલા ૧૧૦ વાહનો પૈકી ૭૩ વાહનો તો એક જ દિવસમાં સીધા મૂળ માલીકોને શોધી પરત કરેલા છે.

રાજયભરમાં જુદા જુદા પોલીસ મથકો દ્વારા ચોરાયેલા અથવા બિનવારસી તેમજ શંકાસ્પદ વાહનો ડિટેઈન કરવામાં આવે છે. જે મૂળ માલીકોની આઈટેન્ડીના અભાવે પોલીસ સ્ટેશનમાં જ ધુળખાતા પડી રહે છે તેમજ લાંબાગાળે આવા વાહનો કોર્ટના હુકમથી નાશ કરવામાં આવે છે અને વાહન માલીકોને મોટુ નુકશાન થાય છે આ સમસ્યાને નિવારવા ક્રાઈમ બ્રાન્ચે નવી એપ્લીકેશન લોન્ચ કરેલ છે.

સને ૨૦૧૩ માં આશરે ૧૨.૫૦ કરોડના વાહનોની ચોરીની ફરીયાદ નોંધાયેલ જે વાહનોનો નિકાલ કરવામાં આવશે.

વાહન ચોર વાહન ચોરીને તેનો અન્ય કામે ઉપયોગ કરી આવા વાહનોને જે તે સ્થિતિમાં અન્ય જગ્યાએ મુકીને ભાગી જતા હોય છે અથવા તો પેટ્રોલ ખૂટે તો પણ વાહનો ત્યાંજ મુકીને નાસી જતા હોય છે.

આવો મુદ્દામાલ બિનવારસી હાલતમાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવે છે જેમાં ફરીયાદ અલગ પોલીસ સ્ટેશનમાં વાહન માલીકો દ્વારા કરવામાં આવી હોય અને મુદ્દા માલ અન્યત્ર અલગ જગ્યાએથી રીકવર કરવામાં આવ્યો હોય તેવા કિસ્સામાં હુકમતનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો હતો હવે જે તે મુદ્દા માલ રીકવરી અધિકારી જ વાહન માલીકો પાસેથી વાહનના આધાર પુરાવા તથા રૂા.૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર માલીકના બોન્ડ લઈ તેમજ જરૂર પડે નામદાર કોર્ટમાં વાહન સાથે હાજર રહેવાની ખાતરી આપ્યા બાદ આવા વાહનો મૂળ માલીકને પરત પોલીસ સ્ટેશનથી જ કરવામાં આવે છે હાલમાં ૮૦૦ વધુ લોકોએ પોતાના વાહનો પરત મેળવી રાહતનો શ્વાસ લીધો છે.



હાલમાં તો ક્રાઈક બ્રાન્ચની ઓફિસમાં જાણે મેળો ભરાયો હોય તેમ લોકોના ટોળે ટોળા વાહનો લેવા આવે છે અને વાહન પરત મળતા ફૂલહાર તથા પેંડા અધિકારીઓને ખુશીથી વહેચે છે.